
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૩ | ૧૪ ડિસેમ્બર, ૨૦૧૬, બુધવાર ; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૩ ટકા

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# બેંકોની શંકાસ્પદ કામગીરી પર બાજ નજર

**નવી નોટના સરક્યુલેશન સંદર્ભે આરબીઆઈનો નવો હુકમ : ૮મી નવેમ્બરથી ૩૦મી ડિસેમ્બરના સીસીટીવી ફુટેજ જાળવવા હુકમ : નોટની ગેરકાયદે હેરાફેરીની ફરિયાદો અને ઘણાની ધરપકડ બાદ આરબીઆઈના નવા આદેશો : કરન્સી ચેસ્ટને લઇને નવી સૂચના જારી**



નવીદિલ્હી,તા. ૧૩

નોટબંધીના નિર્ણય બાદ હવે સરકાર દ્વારા વધુ કેટલાક આક્રમક નિર્ણય કરવાની દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. નોટબંધીના નિર્ણય બાદ હજુ સુધી મનીલોન્ડરિંગ અને નોટની ગેરકાયદે હેરાફેરીના મામલે કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ સમસ્યાને ઉકેલવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કમરકસી લીધી છે જેના ભાગરુપે રિઝર્વ બેંકે તમામ બેંકોને આદેશ આપ્યા છે કે, ૮મી નવેમ્બરથી લઈને ૩૦મી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં કરન્સી ચેસ્ટથી કાઢવામાં આવનાર નવી નોટની મૂવમેન્ટને ટ્રેક કરવાની જરૂર છે. સાથે સાથે આરબીઆઈએ બેંકોને અન્ય કેટલીક સૂચનાઓ પણ આપી છે જેના ભાગરુપે આરબીઆઈએ તમામ બેંકોને બ્રાંચ ઓપરેશનના સીસીટીવી રેકોર્ડિંગને જાળવી રાખવા માટે સૂચના આપી છે. બ્રાંચ ઓપરેશનમાં સીસીટીવી રેકોર્ડિંગને જાળવવા તથા ૮મી નવેમ્બરથી ૩૦મી ડિસેમ્બર વચ્ચે કરન્સી ચેસ્ટના સંદર્ભમાં ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. આરબીઆઈએ એક નિવેદન જારી કરીને આજે આ મુજબની સૂચના આપી હતી. બેંક શાખાઓમાં ઓપરેશનના સીસીટીવી રેકોર્ડિંગ જાળવવા માટેની સૂચના આપવામાં આવી છે. વધુ સૂચના જારી કરવામાં ન આવે ત્યાં સુધી બેંક શાખાઓમાં ઓપરેશન અને કરન્સી ચેસ્ટ ઉપર નજર રાખવામાં આવશે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ગેરકાયદે પ્રવૃત્તિને રોકવા માટે આ હિલચાલ હાથ ધરાઈ છે. કરન્સી ચેસ્ટથી ઉપાડવામાં આવનાર નવી નોટને ટ્રેક કરવા અને તેના માટે રિપોર્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવા માટે કહેવામાં આવ્યું છે. બેંકોને એવી સૂચના પણ આપવામાં આવી છે કે, તેઓ કરન્સી ચેસ્ટ અને લિંક બ્રાંચના સ્તર પર મહાત્મા ગાંધીની સીરીઝની નવી નોટ જારી કરવાને લઈને તમામ વિગત જાળવી રાખવામાં આવે. બનાવટી નોટને માર્કેટમાં મુકી દેવામાં લાગેલા

● અનુસંધાન પાન-૫ પર

## બેંગ્લોરમાં પકડાયેલા અધિકારીને સસ્પેન્ડ કરાયા

નવી દિલ્હી,તા. ૧૩

જુની નોટને બદલવાના પ્રયાસમાં ધરપકડ કરવામાં આવેલા અધિકારીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે સસ્પેન્ડ કરી દેવાનો આદેશ જારી કર્યો હતો.

ગેરકાયદેરીતે જુની નોટમાં ૧.૫૦ કરોડ રૂપિયા બદલવાના પ્રયાસમાં સીબીઆઈ દ્વારા બેંગ્લોરમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

# નોટબંધીથી ગરીબોને ભારે હાલાકી : રાહુલ ગાંધી

**પાછલા બારણેથી ભ્રષ્ટ લોકો કરોડો રૂપિયા ઉપાડી રહ્યા છે : સોસાયટી પહેલાથી જ કેશલેસ હોવાનો દાવો : હાઈવેલ્યુ નોટ પર પ્રતિબંધ મુકતા પહેલા યશવંતસિંહા, મનમોહનસિંહની સાથે વાત કરવાની જરૂર હતી**

નવીદિલ્હી,તા. ૧૩

નોટબંધીના મામલા પર કોંગ્રેસ નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પી ચિદમ્બરમે આજે સરકાર ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સામસામે આક્ષેપબાજીનો દોર આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. એકબાજુ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેશલેસ ઈકોનોમી માટે હાથ ધરવામાં આવેલી પહેલ સામે વાંધો ઉઠાવ્યો હતો અને આને લઈને મોદીની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, સોસાયટી પહેલાથી જ કેશલેસ બની ચુકી છે. ઉત્તર પ્રદેશમાં દાદરી અનાજ મંડીમાં લોકો સાથે વાતચીત કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીની પહેલ મોડેથી આવી છે. બ્લેકમનીની સામે લડત ચલાવવાની વાત થઈ રહી છે.

આતંકવાદ સામે લડત ચલાવવાની વાત પણ કરાઈ હતી અને હવે સોસાયટીને કેશલેસ બનાવવાની વાત થઈ રહી છે. ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાન સમાજને કેશલેસ બનાવવાની વાત કરી રહ્યા છે પરંતુ સમાજ પહેલાથી જ કેશલેસ છે. આ નવી હિલચાલના કારણે તો લોકો પરેશાન થયેલા છે. ઈમાનદાર લોકોને માત્ર થોડાક હજાર રૂપિયા જ મળે છે જ્યારે ભ્રષ્ટ લોકો

● અનુસંધાન પાન-૫ પર







આજે 20 માં વર્ષમાં મંગલ પ્રવેશ

૧૪ ડિસેમ્બર, ૧૯૯૭માં શ્રીગણેશ કરી આપ સૌના સહકાર અને સહયોગથી હોટલ ઘુંઘટે શુભ પ્રયાણ કરી, આજે ૧૯ વર્ષની લાંબી સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, ત્યારે આ શુભ દિને હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક, અંતઃપૂર્વક આપ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરે છે... સાથે આ સફર વણથંભી બની ઉત્તરોત્તર પ્રગતિ કરતી સફળતાની ટોચે પહોંચે અને પ્રથમ રાજ્યમાં, પછી રાષ્ટ્રમાં અજોડ - અદ્વિતિય બને તેવી ચાહના - ભાવના રાખી આપ સૌને સાથ-સહકાર તેમજ સહવાસ મેળવવા આ શુભ દિને આપ સૌને હાર્દિક આવકારે છે.

● ભોજન જેનું સર્વોત્તમ ને રૂમ છે જેના બેસ્ટ
● જમવા માટે - રહેવા માટે હોટલ ઘુંઘટ શ્રેષ્ઠ

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

● પંજાબી ● ચાઈનીઝ ● કોન્ટીનેન્ટલ ● સાઉથ ઈન્ડિયન
તેમજ ગુજરાતી થાળી સાથે રહેવાની ઉત્તમ સગવડ

૧૪ ડિસેમ્બરથી શિયાળાની ઋતુમાં શિયાળાની વાનગી
● બાજરીનો રોટલો ● રીંગણ ભડથું ● ખીચડી ● કઢી
કાઠીયાવાડી સ્વાદમાં ગુજરાતી થાળી સાથે એજ ભાવમાં સાંજે જમો

સેક્ટર-૨૬, ક-રોડ, જી.આઈ.ડી.સી.ની બાજુમાં,
ગાંધીનગર - માણસા રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૬
ફોન : ૬૫૭૩૭૬૫૫, મો. ૯૮૨૫૩ ૦૦૧૬૧, ૭૦૪૬૦ ૧૧૨૭૦
www.hotelghunghat.com

● શુટ રૂમ - સુપર ડીલક્ષ - ડબલ ડીલક્ષ - ડીલક્ષ ● એ.સી. કોન્ફરન્સ હોલની સુવિધા ● લગ્ન રીસેપ્શન માટે વિશાળ પાર્ટી પ્લોટ ● સાથે ચિલ્ડ્રન પાર્ક સાથે વિશાળ પાર્કીંગ
આજના હરખના દિને ગુજરાતી થાળી સાથે મીઠાઈની મિજબાની અને પંજાબી-ચાઈનીઝ ચટાકેદાર સ્વાદ સાથે આકર્ષક ૧૦ ટકા વળતર
નવવિકસીત ગાંધીનગરમાં હોટલ ઘુંઘટનું વધુ એક સોપાન

વેલકમ હમ દિલસે કરતે હૈ...

M હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી)
કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+કોલ્ડ્રીંક

રહેવા માટે સર્વોત્તમરૂમની સગવડ - એ.સી./નોન એ.સી. તથા શ્યુટ રૂમ ● એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)

પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ) ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૯૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. ૯૪૦૮૨ ૮૮૮૮૩ web : www.hotelmiddletown.com • Emial : enquiry@hotelmiddletown.com